# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/121 Dt. 26/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ ખાતે 'યુનિયન ઓફ ઈન્ડિયા વિ. રાજીવ બંસલ કેસ વગેરે સુપ્રીમ કોર્ટના ચૂકાદાનું વિશ્લેષણ' વિષય પર વર્ચ્યુઅલ સેશન યોજાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ધી ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (સુરત શાખા) (ICAI), ITAT બાર એસોસિએશન (સુરત), ધી સાઉથ ગુજરાત ઈન્કમ ટેક્ષ બાર એસોસિએશન (સુરત), ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ, સીજીસીટીસી અને આઈટીબીએના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે, તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ, સાંજે ૦૪:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે 'યુનિયન ઓફ ઈન્ડિયા વિ. રાજીવ બંસલ વગેરે સુપ્રીમ કોર્ટના ચૂકાદાનું વિશ્લેષણ' વિષય પર વર્ચ્યુઅલ સેશન યોજાયું હતું, જેમાં અમદાવાદના સીનિયર એડવોકટ શ્રી તુષાર હેમાણીએ કેસ સંબંધિત વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ પ્રાસંગિક ઉદબોધનમાં ચેમ્બર ઓફ કોમર્સના કાર્યોની માહિતી આપી હતી.

શ્રી તુષાર હેમાણીએ જણાવ્યું હતું કે, પુનઃઆકારણી માટેની જોગવાઈઓમાં કલમ ૧૪૮, ૧૪૮-A, ૧૪૯, ૧૫૧ હેઠળ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી જૂના કાયદા થકી કાર્યવાહી થતી હતી, પરંતુ ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી નવો કાયદો બનાવવામાં આવ્યો હતો. કોરોનાનો સમય હોવાથી ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી નવો કાયદો હોવા છતાં જૂના કાયદાને જ ત્રણ મહિના સુધી લંબાવવામાં આવ્યો હતો. એક જ સમયે બે કાયદા અમલી ન હોઈ શકે તે માટે કોર્ટમાં ઢગલાબંધ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

તાજેતરમાં આવેલા ચૂકાદાનું વિશ્લેષણ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આકારણી વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ પુનઃઆકારણી પ્રક્રિયા જૂના અને નવા કાયદા હેઠળ શરૂ કરી હતી. તેને કરદાતાઓએ સુપ્રીમ કોર્ટમાં પડકાર આપ્યો હતો કે ઈન્કમ ટેક્ષ અધિકારીને આ વર્ષની શોકોઝ નોટિસ જારી કરવાની સત્તા નથી. તે કેસમાં સુપ્રીમ કોર્ટે એવો નિર્ણય આપ્યો કે, પુનઃઆકારણી વર્ષ ૨૦૧૫-૧૬ માટે ઈન્કમ ટેક્ષના અધિકારીઓ કેસ ઓપન નહીં કરી શકશે. તે તમામ નોટિસો રદબાતલ થશે.

કોવિડ દરમિયાન આવેલ તોલા (TOLA) કાયદા અનુસાર વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫ ની નોટિસોને વેલિડ ગણાવી હતી, જ્યારે કલમ ૧૫૧ અનુસાર, વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ની નોટિસોમાં પૂર્વ મંજૂરી લેવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં ત્રણ વર્ષ કરતાં ઓછો સમયનો કેસ હોય તો કમિશનર પાસેથી, ત્રણ વર્ષ કરતાં વધુ સમયનો કેસ હોય તો પ્રિન્સિપલ ચીફ કમિશનર પાસેથી પૂર્વ પરવાનગી લેવાની રહેશે. જો કાયદાકીય જોગવાઈને અનુસરીને ઉચ્ચ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી નહીં લેવામાં આવી હોય તો એ વર્ષમાં કેસો પણ રદબાતલ થઈ શકે છે. આ ચૂકાદો આવ્યા પછી પણ કરદાતાઓએ પુનઃ આકારણીના કેસોમાં તકેદારી રાખવી હિતાવહ રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ગ્રૃપ ચેરમેન CA મિતિષ મોદી, સીએ આશિષ વકીલ, સીએ સુરેશ કાબરા, ચેમ્બરની ઈન્કમ ટેક્ષ કમિટીના સભ્યો સેશનમાં જોડાયા હતા. ઈન્કમ ટેક્ષ કમિટીના ચેરમેન CA પ્રજ્ઞેશ જગાશેઠે સેશનનું સંચાલન કર્યું હતું. કમિટીના કો-ચેરમેન શ્રી અનિલ શાહે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના એડ્વાઈઝર CA વિરેશ રૂદલાલે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.